**અગ્રતા ક્રમાંક : ૦૬ પ્રશ્ન ક્ર: ૧૫૫૭**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – સુશ્રી ગેનીબેન ઠાકોર (વાવ)**

**“કચ્છ અને ભાવનગર જિલ્લામાં નશીલા પર્દાથોનો જથ્થો પકડવા બાબત ”**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:–** શ્રી ત્રિકમભાઈ છાંગા (કચ્છ – અંજાર)

**પૂરક પ્રશ્ન (૧)** છેલ્લા બે વર્ષમાં કચ્છની દરિયાઇ સરહદે ATS ગુજરાતે NDPS Act હેઠળ કેવી પ્રકારની કામગીરી કરી છે.? તેમણે કરેલ ઓપરેશનની વિગત આપવા વિનંતી છે.

**જવાબ: માન. અધ્યક્ષશ્રી,**

- આ દરિયાઇ ઓપરેશનો દરમ્યાન પણ એ.ટી.એસ.ની ટીમો અઠવાડીયાઓ સુધી કોસ્ટ ગાર્ડની ટીમો સાથે રહી માદક પદાર્થો ઘુસાડનારોઆની વોચમાં રહેતા હોય છે, જે દરમ્યાન તેઓએ ઘણી વિકટ પરીસ્થિતીઓનો સામનો કરવો પડતો હોય છે.
- કંડલા પોર્ટ ઉપર ઈરાનના બન્દર અબ્બાસ પોર્ટ પરથી આવેલ ‘જીપ્સમ પાવડર’ ના નામે આવેલ એક કન્સાઈન્મેન્ટમાંથી **૨૦૫.૦૬ કિલો હેરોઇન** કિ. **રૂ. ૧૦૨૮ કરોડ** તથા પીપાવાવ પોર્ટ ખાતે રહેલ ‘સૂતળી’ના કન્ટેઇનરમાં **કુલ ૩૯૫** કિલો સૂતળી રૂપે ડ્રગ્સ જપ્ત કરવામાં આવેલ છે. જેમાંથી આશરે **૯૦ કિલો હેરોઇન કિં. રૂ. ૪૫૦ કરોડનું** હોવાનું મળી આવેલ છે.
- ગુજરાત એ.ટી.એસ. તથા એ.ટી.એસ.ની બાતમી આધારે અન્ય એજન્સીઓએ સાથે મળીને દરિયાઇ માર્ગે ઘુસાડવામાં આવતો **કુલ ૮૫૮ કિલો** માદક પદાર્થનો જથ્થો કિ **રૂ. ૪૪૮૭ કરોડનો** જથ્થો પકડી પાડવામાં આવેલ છે. તેમજ ૩૮–પાકિસ્તાની, ૫–ઈરાની, ૩–અફઘાની, ૨–નાઈજીરીયન અને ૯–ભારતીયો સહિત **કુલ ૫૭ આરોપીઓની** ધરપકડ કરવામાં આવેલ છે.
- તદઉપરાંત, જખૌ ખાતેથી મળી આવેલ **૫૬ કિલો હેરોઇનની** વધુ તપાસમાં ગુજરાત એ.ટી.એસ.ની ટીમે મુઝફ્ફરનગર, યુ.પી., ખાતેથી રાઝી હૈદર અને તેના સાગરીતો પાસેથી અન્ય **૧૫૫ કિલો હેરોઇનનો જથ્થો રીકવર કરેલ**.
- આ ઓપરેશન થકી ગુજરાત એ.ટી.એસ. દ્વારા આંતરરાષ્ટ્રીય ડ્રગ સીન્ડીકેટ નો પર્દાફાશ કરવામાં આવેલ છે.
- જે ઓપરેશનમાં સામેલ ગુજરાત એ.ટી.એસ.ના **૧૮ જેટલા અધિકારીઓને** કેન્દ્રીય ગૃહ મંત્રી સ્પેશીયલ ઓપરેશન મેડલથી સમ્માનીત કરવામાં આવેલ છે.